# ધાનેરા તાલુકા તાલુકા વિકાસ અધિકારી અને તલાટીઓ વચ્ચે ૩૬નો આંક

## ક્યારેક તલાટી તાલુકા વિકાસ અધિકારીના ક્વાટર પર હુમલો કરે છે તો હવે તલાટીઓ તાલુકા વિકાસ અધિકારી પર અપશબ્દ બોલવાનો આક્ષેપ કરી રહ્યા છે સત્ય શું ?

ધાનેરા તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા ટીડીઓ પર તલાટીઓએ અપશબ્દ બોલવાના અને માનસિક ત્રાસ આપવાના આક્ષેપ લગાવ્યો છે. આટલું જ નહિ પણ તમામ તલાટીઓ કામ પર થી દૂર થઈ રજા ઉપર ઉતરી ગયા છે અને ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી અમારી સમસ્યાનું કોઈ નિરાકરણ નહિ આવે ત્યાં સુધી અમે કામ નહિ કરીએ અને ધાનેરા મામલતદારને આવેદનપત્ર આપી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી પણ કરી છે.



ધાનેરા તાલુકા પંચાયત માં ફરજ બજાવતા તાલુકા વિકાશ અધિકારી મોસમસીહ રાવ અને તલાટીઓ વચ્ચે જાણ ૩૬નો આંકડો હોય તેવું લાગી રહ્યું છે. ક્યારેક તલાટી તાલુકા વિકાશ અધિકારી ના કવોટર ઉપર હુમલો કરે છે તો હવે તલાટી ઓ તાલુકા વિકાસ અધિકારી ઉપર અપશબ્દ બોલવાનો આક્ષેપ કરી રહ્યા છે. ધાનેરા વિસ્તાર માં ફરજ બજાવતા તમામ તલાટીઓ આજે તાલુકા પંચાયત આગળ ભેગા થયા હતા અને અચાનક બધાજ તલાટીઓ તાલુકા વિકાસ અધિકારી ને લેખિત આપી રજા ઉપર ઉતારી ગયા હતા અને તલાટીઓ મીડિયા સાથે ની વાત ચિત્ત માં જણાવ્યું હતું કે આ તાલુકા વિક્સ અધિકારી મહિલા તલાટી ને ગાળો બેલો છે અને અન્ય તલાટીઓ ને પણ માનસિક ત્રાસ આપે છે હેરાન કરે છે તે માટે આજે અમે બધાજ તલાટીઓ ભેગા થઈ રજા ઉપર ઉતરી ગયા છીએ અને જ્યાં સુધી અમારું કોઈ નીકરણ નહિ આવે ત્યાં સુધી રજા ઉપર રહીશું તલાટી અને તાલુકા વિક્સ અધિકારી ની બબાલ



આજે લોકોના કામ અટવાઈ રહ્યા છે ત્યારે લોકોની પણ માંગણી છે કે આ બાબતે તંત્ર તાત્કાલિક નિકાલ લાવે જેથી લોકોને હેરાન ન થવું પડે ત્યારે હવે અહીં એક વાત એ છે તલાટીઓ અને ટીડીઓ બંનેમાંથી સાચું કોણ તેતો તાપસ બાદજ બહાર આવશે.

# મોડાસામાં ટ્રાફિક માથાનો દુ:ખાવો બનતા મેઘા ડ્રાઈવ





મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચાર રસ્તાથી મખદૂમ ચોકડી સુધી અને ચાર રસ્તાથી ડીપ વિસ્તારમાં જેવા મુખ્યમાર્ગો પર ગેરકાયદેસર ખડકાતા લારી-પથારાવાળાથી અને રોડ પર આડેધડ ખડકી દેવાતા બાઈક અને કાર, રીક્ષાઓથી ધોરીમાર્ગ પણ અદ્રશ્ય બની જાય એટલી હદે દબાણ કરાતા રાહદારીઓ માટે ચાલવું ક્યાં તે યક્ષ પ્રશ્ન બનતા છાસવારે ટ્રાફિક જામના દ્રશ્યોમાં વાહનચાલકો અટવાતા અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ટ્રાફિક સર્જનાર પરિબળો સામે શખ્ત કાર્યવાહીની સૂચના અપાતા મોડાસા ટાઉન પોલીસતંત્ર હરકતમાં આવ્યું હતું. ૩૦થી વધુ વાહનો ડિટેઈન કરી મેઘા ડ્રાઈવ યોજાતા શહેરના માર્ગોનું અસ્તિત્વ જોવા મળ્યું હતું.

મોડાસા ટાઉનપોલીસ, ટ્રાફિક પોલીસ અને નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસામાં ટ્રાફિક દૂર કરવા ભારે ઉદાસીનતા જોવા મળે છે. ''બાર વર્ષે બાવો બોલે'' તેમ ફક્ત દેખાવ પૂરતી અને રોફ જમાવતી કામગીરી મહિનાના એકાદ બે દિવસ કર્યા બાદ ઠંડા પાણીમાં બેસી જતા મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા શહેરીજનો અને રાહદારીઓ માટે માથાના દુખાવા સમાન બની છે. શુક્રવારે મોડાસા ટાઉન પોલીસ અને ટ્રાફિકપોલીસના ધાડેધાડા ઉતરી પડ્યા હતા. માર્ગ પર પડ્યા પાથર્યા રહેતા લારી-પથારાવાળા અને રોડ પર આડેધડ પાર્કિંગ કરી ખરીદી કે પછી કામગીરી માટે જતા રહેલા વાહન ચાલકો સામે ટ્રાફિક અમલવારીનો ડંડો ઉગમતા લારી-પથારાવાળા અને વાહનચાલકોમાં ભારે નાસભાગ મચતાં ભારે અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસતંત્રની ટ્રાફિક હટાવો કાર્યવાહીના કલાકો બાદ ફરીથી રોડ પર જૈસે થઈ જેવી સ્થિતિ જોવા મળતા શહેરીજનોએ ટ્રાફિક સર્જનાર પરિબળો સામે દરરોજ શખ્ત કાર્યવાહી કરવાની સાથે દંડનીય કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

# ધાનેરાના વીંછીવાડી ગામ નજીક ગણેશ ટ્રાવેલ્સ નામની બસ પલ્ટી : ૨૦ને ઈજા

વીંછીવાડી ગામ નજીક ગણેશ ટ્રાવેલ્સ નામની બસ પલ્ટી જતા અકસ્માત સર્જાયો છે અને આ અકસ્માત માં ૨૦ જેટલા લોકો ને નાનામોટી ઈજા થવા પામી છે. ત્યારે તમામ ઘાયલોને ખાનગી વાહનો ધ્વરા સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા છે.



રાજસ્થાનથી ગુજરાત તરફ આવી રહેલી ગણેશ ટ્રાવેલ્સ નામની બસ ધાનેરા તાલુકા ના વીંછીવાડી ગામ નજીક અચાનક પલટી જતા અકસમાત સર્જાયો હતો અને લોકોની ચિચિયારી સાંભળી આજુ બાજુ થી લોકો પણ દોડી આવ્યા હતા અને બસ માં ફસાયેલા મુસાફરો ને તાત્કાલિક બહાર કાઢ્યા હતા અને આ અકસ્માત માં ૨૦ જેટલા લોકોને નાના મોટી ઈજા થવા પામી છે ત્યારે તમામ ઘાયલો ને ખાનગી વાહનો ધ્વરા સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા છે. બસ અકસ્માત ને લઈ અને ચર્ચાઓ જાગી છે કે આ બસ અચાનક કેવી રીતે પલ્ટી બસ પલટવાનું કારણ શું ? ત્યારે આ તમામ બાબતની સાચી હકીકત તો તાપસ બાદ જ બહાર આવશે.

# ખેડબ્રહ્મા શહેરમાં વગર મંજૂરીએ રેલી યોજાતા ૧૨ વનવાસીઓ વિરુદ્ધ ગુન્હો નોંધાયો

ખેડબ્રહ્મા, તા. ૧

ગત ૪ જાન્યુઆરીના રોજ પંચમહુડા ગામની સગીરા જગમેર ગામની નજીક સીમમાં બોરડીના ઝાડ ઉપર ગળે ફાંસી ખાઈ મરણ ગયેલ જે બાબતે અકસ્માતે મોત દાખલ કરવામાં આવ્યું હતું ત્યાર બાદ ખેડબ્રહ્મા પોલીસે આઈ.પી.સી ૩૦૬, ૧૧૪ મુજબ ગુન્હો નોંધો હતો. આ બનાવ સંદર્ભે આદિવાસી સમાજના આગેવાનો ખેડબ્રહ્મા બસ સ્ટેશનથી મામલતદાર કચેરી સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અગે ૨૮ જાન્યુઆરીના રોજ પ્રાંત અધિકારીને આવેદન આપી રેલી તથા ધરણા કરવાની મંજૂરી માગી હતી પરંતુ કાયદો અને વ્યવસ્થા જળવાય તેમ ન હોઈ મંજૂરી આપવામાં આવી નહોતી.

તેમ છતાં ૩૧ જાન્યુઆરીના રોજ મૌન રેલી યોજી ધરણાનો કાર્યક્રમ યસ્થાવત રાખવામાં આવ્યો હતો. અને આદિવાસી સમાજના આગેવાનો ભેગા થઈ મંજૂરી ન હોવા છતાં રેલી યોજવા બસ સ્ટેશનમા ૫૦૦થી ૭૦૦ માણસોનું ટોળું ભેગું થઈ બસ સ્ટેશનથી રેલી યોજી મામલતદાર કચેરી પહોંચતા અંદર પ્રવેશ ન કરવા દેતા રોડ ઉપર રાહદારીઓને અવરોધ પેદા કરી ગેરકાયદેસર મંડળી કરી ગુનો કરતા પોલીસે૧ ૨ ઈસમો અને ૫૦૦ થી૭૦૦ મણસના ટોળા વિરુદ્ધ ગુન્હો નોંધ્યો હતો. મણીબેન છગનભાઈ સોલંકી, બહેડિયા, છગનભાઈ કેવડાભાઈ સોલંકી, બહેડિયા, જગદીશભાઈ તરાલ, ખેડબ્રહ્મા, રસિકભાઈ પરમાર, ખેડવા, અરવિંદભાઈ લાલિતભાઈ બુબડીયા, ડોડીવાળા, જોરભાઈ કાલાભાઈ ગમાર, પંચમહુડા, વર્ષાબેન ગમાર, પંચમહુડા, નાણાં ભાઈ, પંચમહુડા, રતિલાલ દાવડા, પાટડીયા રાકેશકુમાર બાબુલાલ પરમાર, નવામોટા, ફોગણભાઈ ગમાર, બીલીવેડા, શૈલેષભાઈ બુબડીયા, પીપોદરા

# ભિલોડા તાલુકાના જનાલીટાંડા વર્ગ શાળા-૨ હજુ તો ખાનગી માલિકીના મકાનમાં કાર્યરત

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જનાલીટાંડા વર્ગ શાળા-૨ હજુ તો ખાનગી માલિકીના મકાનમાં કાર્યરત છે. જનાલીટાંડા વર્ગ શાળા-૨ હજુ તો ખાનગી માલિકીના મકાનમાં કાર્યરત હોવાના કારણે વિદ્યાર્થીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જનાલીટાંડા વર્ગ શાળા-૨ માં શાળાના ઓરડા નવિન બનાવવા માટે સરકારી જમીન શિક્ષણ હેતુ માટે ફાળવવા બાબતે ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડાૅ. અનિલભાઈ જોષીયારા, ગ્રામજનો, વાલીઓએ અરવલ્લી જીલ્લા કલેકટરનો ધારદાર રજુઆત કરી છે.

જનાલીટાંડા આદિવાસી વિસ્તારમાં જનાલી વર્ગ શાળા-૨ સરકારી પ્રાથમીક શાળા વર્ષ-૨૦૧૫ થી મંજુર થયેલ છે. ધોરણ.૧ થી ધોરણ.૫ સુધી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાઈ રહ્યું છે. હાલમાં શાળાના વિદ્યાર્થીઓ ખાનગી માલીકીના મકાનમાં બેસી અભ્યાસ કરી રહ્યા છે.મર્યાદીત જગ્યા હોવાના કારણે વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન તકલીફ સહન કરવાનો વારો આવી રહ્યો છે. જનાલીટાંડા ગામના સામાજીક આગેવાન અનિલભાઈ રાવત, જાગૃત ગ્રામજનો, એસ.એમ.સી.સભ્યો, વાલીઓ ધ્વારા શાળાના નવિન ઓરડા બનાવવા માટે, શાળાને જરૂરી રમત-ગમતના મેદાન માટે સરકારી ખુલ્લી જમીનમાંથી ૨ એકર થી વધુ જમીન પ્રાથમીક શાળા માટે ફાળવવા સંદર્ભે અરવલ્લી જીલ્લા કલેક્ટરને લેખીત,મૌખિક ધારદાર રજુઆત કરાઈ છે. ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડાૅ.અનિલભાઈ જોષીયારાએ પણ કલેક્ટરને જમીન ફાળવવા સંદર્ભે માંગણી કરેલ છે. જનાલીટાંડાની વર્ગ શાળા-૨ હજુ તો ખાનગી માલિકીના મકાનમાં ચાલી રહી છે ત્યારે સત્વરે વહીવટી તંત્ર ધ્વારા વહેલામાં વહેલી તકે જમીન ફાળવવામાં આવે, નવિન ઓરડા બનાવવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે.

# બામણા ડી.એમ.બી.પી. હાઈસ્કુલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

બામણા ડી.એમ.બી.પી. હાઈસ્કુલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. ડી.એમ.બી.પી. હાઈસ્કુલમાંથી સૌરાષ્ટ્ર દર્શન દરમ્યાન ચોટીલા, જુનાગઢ, ગિરનાર, વિરપુર, સોમનાથ, દિવ, બગદાણા,સાળંગપુર સહિત વિવિધ જોવાલાયક સ્થળોની મુલાકાત વિદ્યાર્થીઓએ શૈક્ષણીક પ્રવાસ દરમ્યાન લીધી હતી. વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસનો ઉત્સાહભેર આનંદ માણ્યો હતો.બામણા ડી.એમ.બી.પી. હાઈસ્કુલમાંથી પ્રવાસમાં બાકી રહેલા વિદ્યાર્થીઓનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ અંબાજી, પોળો, ખેડબ્રહ્મા સહિત ધાર્મિક, ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી. સૌરાષ્ટ્ર દર્શન શૈક્ષણીક પ્રવાસનું સફળ આયોજન શિક્ષક ડી. કે. પટેલ, વી.એસ. સોલંકીએ કર્યું હતું. શૈક્ષણિક પ્રવાસનું સફળ આયોજન આચાર્ય આર. ડી. પટેલના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.

# શ્રી દક્ષિણ બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજનો ૧૫મો સમુહ લગ્નોત્સવ યોજાશે

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રામનગર ગામમાં શ્રી દક્ષિણ બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજનો ૧૫મો સમુહલગ્નોત્સવ તા.૧૦/૨/૨૦૧૯ ને રવિવારના રોજ રામનગર મુકામે સમુહમાં ૨૦ નવદંપતીઓ પ્રભુતામાં કુંમ-કુંમ પગલાં પાડશે તેમ આયોજકોએ જણાવ્યું હતું. શ્રી દક્ષિણ બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજ, સમુહલગ્ન સમિતિ, પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યો, નવદંપતીઓના માતા-પિતા સહિત સામાજીક કાર્યકરો સમુહલગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે ત્યારે તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. સમુહલગ્ન પ્રસંગે આશીર્વચન આંજણા (ચૌધરી) પટેલ સમાજના સેવાભાવી સામાજીક આગેવાનો નવદંપતીઓને આશીર્વાદ આપવા ઉપસ્થિત રહેવાના છે.



## મોડાસા તાલુકાના શામપુર પાટિયે નિરાંત જલ સેવા ખુલ્લી મુકાઈ

મોડાસા તાલુકાના શામપુરનું પાટિયું મોડાસા-હિંમતનગર હાઈવે રોડ પર છે. અહીં વિશાળ સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. પાટિયું ગામથી બે કિલોમીટર દૂર છે. અહીં પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા ન હોવાથી આજે ડાકોર નિવાસી સદ્ગુરૂ કિરણરામ મહારાજના કર કમળો દ્વારા નિરાંત જલસેવા મિનરલ પાણીની પરબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. હાજર રહેલ સેવાભાવી સજ્જનોએ પરબને કાયમી નિભાવવા દાનની સરવાણી વહેવડાવી હતી. આ પ્રસંગે સાબરડેરીના ડિરેક્ટર ભીખુસિંહ પરમાર, ડૉ. ચિરાગ ઉપાધ્યાય, ભગાભાઈ પટેલ, ગઢડા સરપંચ, વી.જે. મેસરીયા, રમેશજી ઠાકોર વગેરે હાજર રહ્યા હતા. આ પ્રસંગને સફળ બનાવવા ઈશ્વરરામ મહારાજ, દિલીપ પ્રજાપતિ અને શામપુર નિરાંત ભક્તમંડળે ભારે જહેમત ઉઠાવી હતી.



## મોડાસા એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓએ સાતમા પગારપંચની માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓના એસ.ટી. યુનિયનના હોદ્દેદારોએ સાતમા પગારપંચની માંગણી સાથે તેમની પડતર માંગણીઓ માટે ન્યાયની માગં સાથે ગુરૂવારે મોડાસા ડેપોના યુનિયનના હોદ્દેદાર સતીષભાઈ ઉપાધ્યાય, દિનેશભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, નાઈદભાઈ કાજી અને રાજેશભાઈ વણકરે જિલ્લા કલેક્ટર એમ. નાગરાજનને આવેદનપત્ર આપી સરકારમાં રજુઆત કરવા માંગ કરી સરકાર દ્વારા કર્મચારીઓની માંગ નહિ સ્વીકારવામાં આવે તો ૫ ફેબ્રુઆરીથી માન્ય યુનિયન દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# માહિતી અને પ્રસારણ ખાતાના ક્ષેત્રિય લોકસંપર્ક કાર્યાલય પાલનપુર દ્વારા વિશેષ જનસંપર્ક કાર્યક્રમ યોજાયો

બનાસકાંઠાના જિલ્લાના વડગામ તાલુકાના અનુપમ પ્રા. શાળા, જલોત્રામાં ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના ક્ષેત્રિય લોકસંપર્ક કાર્યાલય, પાલનપુર દ્વારા ભારત સરકારની વિવિધ યોજનાઓ તેમજ અભિયાનો અંતર્ગત વિશેષ જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત, પોષણ અભિયાન, નેશનલ હેલ્થ મિશન, બેટી બચાઓ-બેટી પઢાઓ, સ્વચ્છ ભારત અભિયાન, ડિજિટલ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, પોસ્ટ પેમેન્ટ બેન્કની યોજનાઓ તથા ભારત સરકારની વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવા કાર્યક્રમનું આયોજન કારવામાં આવ્યુંહતું. ગ્રામપંચાયતોને પ્રગતિશીલ બનાવવા તથા છેવાડાના ગ્રામજનોને સરકારી કલ્યાણકારી સેવાઓનો લાભ લેવા પ્રોત્સાહિત કરવા વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લા પંચાયત, બનાસકાંઠાના આરોગ્ય તેમજ આઈ સીડીએસ વિભાગ દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓનો જાગૃતિ રથ, પૌષ્ટિક વાનગી નિદર્શન સ્પર્ધા, આરોગ્ય યોજનાઓની માહિતી આપતો નિદર્શન સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડાૅ.એ. એચ. આચાર્ય તેમજ જિલ્લા ક્વોલીટી એન્સ્યોર અધિકારી ડાૅ. એમ.એચ. ત્રિવેદીએ ×સર્વે ભવન્તુ સુખીન-સર્વે સંતુ નિરમયાના સ્લોકને સાર્થક કરતી જિલ્લા આરોગ્ય કચેરીની સુવિધાઓ ભારત સરકારની વિવિધ આરોગ્ય યોજનાઓની જાણકારી આપી હતી. નેશનલ આયન પલ્સ ઈનીશેટિવ પ્રોગ્રામ, મિશન ઈન્દ્રધનુષ હેઠળ રસીકરણ કાર્યક્રમ, આયુષ્યમાન ભારત યોજનાની માહિતી સાથે તંદુરસ્ત જીવન સાચા ઘરનું નિર્માણ કરે છે એવો સંદેશ આપ્યો હતો.



## સાબરકાંઠા-અરવલ્લી મનસુરી સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

સાબરકાંઠા-અરવલ્લી મનસુરી સમાજ એમ.પી.એલ. ૧ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. સાબરકાંઠા-અરવલ્લી મનસુરી સમાજના યુવાનોને આગળ લાવવા એમ.પી.એલ. ૧નો ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. એમ.પી.એલ. ૧ નો ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ ભિલોડા વર્સીસ ચીસ્તીયાનગર રમાઈ હતી.ભિલોડા ઈલેવન વિજેતા બની હતી.ચીસ્તીયાનગર ઉપવિજેતા બની હતી. ટુર્નામેન્ટનું આયોજન જાકીરભાઈ આરીફભાઈ, સલીમભાઈ પાલવાલા, જાકીરભાઈ (બેંક) આરીફભાઈ, આબીદભાઈ પરવેજભાઈ, રાજુભાઈ, સકીલભાઈએ સુંદર આયોજન કર્યું હતું. ફાયનલ મેચમાં મેન ઓફ ધ મેચ સલીમભાઈ પાલવાળા, મેન ઓફ ધ સીરીઝ સાહીલભાઈ, બેસ્ટ બેસ્ટમેન મોહસીનભાઈ, બેસ્ટ બોલર ઈમરાનભાઈને મળેલ હતું.

# મહેસાણા જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૧

મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુંરૂપ જિલ્લાંના લોકોની ફરીયાદોના નિરાકરણ માટે જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે. જિલ્લાના લોકો પોતાના પ્રશ્નો રજુ કરવા માંગતા હોય તેઓએ ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૯ સુધીમાં કલેકટર કચેરી, રજિસ્ટ્રી શાખા મહેસાણાને મોકલી આપવાના રહેશે.જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ અંગેનો પ્રશ્ન અરજીના મથાળે લખવાનું રહેશે તેમ જિલ્લા કલેકટર મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે. તેમ જિલ્લા કલેકટરશ્રી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# કાંકરેજ તાલુકાના ચીમનગઢ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

કાંકરેજ, તા. ૧

ગુજરાત સરકાર દ્વારા લોકો માટે વિના મૂલ્યે મા અમૃતમ યોજનાનો લાભ મળે છે. ત્યારે ચીમનગઢ ખાતે વિનય વિદ્યામંદિરમાં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ પાલનપુર દ્વારા સંચાલિત બનાસકાંઠા મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ પાલનપુર દ્વારા સર્વરોગ નિદાન કેમ્પને થરા એપીએમસી ચેરમેન અણદાભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આવેલા દર્દીઓને સમયસર વિનામૂલ્યે સારવાર કરી હતી અને ચા પાણી નાસ્તો આપવામાં આવ્યો હતો. ત્યારે આજુબાજુના વિસ્તારમાં આવેલ ગામડાના લોકોને લાભ મળ્યો હતો. આ પ્રસંગે કાંકરેજ તાલુકા ભાજપ પ્રમુખ ડાહ્યાભાઈ પીલિયાતર, ઈશ્વરભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ભાજપ, મનસુખભાઈ પટેલ સહિત અન્ય લોકો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન રઘુભાઈ ચૌધરીએ કર્યુ હતુ.

